| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૧/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી ઘંટાળા નયનાબેન સુરેશભાઈ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

## ફરીયાદની હકીકત :–

**વિષયઃ–** અરજદાર શ્રી ઘંટાળા નયનાબેન સુરેશભાઈની તા.૧૭/૦૩/૧૮ આઈ.ડી.નં.૧૪૩૨ ની અરજી ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૦/૦૪/૧૮ની અપીલ અરજી નં. SMC/AFO/FAP/01/18-19.

અરજદાર શ્રી ઘંટાળા નયનાબેન સુરેશભાઈએ તેઓની મુળ અરજી તા.૧૭/૦૩/૧૮ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૪૩૨ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૦૭ તા.૦૨/૦૪/૧૮ થી અરજદાર દ્વારામાંગવામાં આવેલ માહિતી સંદર્ભે મુદ્દા નં.૧ માં જણાવેલ માહિતી બાબતે રૂબરૂ ચકાસણી માટે પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાનમાં અરજદાર દ્વારા તા.૧૭/૦૪/૧૮ના રોજ બપોરે ૧:૩૦ થી ૧:૪૦ કલાક રૂબરૂ નિરિક્ષણ કરવામાં આવેલ. નિરિક્ષણ દરમ્યાન તેઓએ ભરેલ અરજી ફોર્મના પાના નંગ ૧૫ ની નકલની માંગણી કરેલ તથા તા.૧૭/૦૩/૧૮ની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી.નં.૧૪૩૨ (વરાછા ઝોન)ની અરજીમાં માંગવામાં આવેલ. મુદ્દા નં.૧ થી ૩ ની અન્ય કોઈ માહિતીની જરૂરીયાત ન હોય તેમ જણાવેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૭ તા.૧૭/૦૪/૧૮ થી માંગણી મુજબ નકલ ફીના રૂ.૩૦/– ભરપાઈ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે નકલ ફી રૂ.૩૦/– ભરપાઈ કર્યેથી અરજદારને નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર શ્રી ઘંટાળા નયનાબેન સુરેશભાઈ દ્વારા એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૪ તા.૧૯/૦૪/૧૮ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં નીચે મુજબના અનુક્રમ નં. ૧ થી ૩ દર્શાવેલ વિગતે" પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

| | |
|---|---|
| ૧ | તા.૧૭/૦૩/૨૦૧૮નાં રોજ બપોરના ૧:૦૦ વાગ્યે એફોર્ડેબલ હાઉસીગ સેલ, ધાસ્તીપુરા, સુરત કચેરી ખાતે નમૂનો (ક) માહિતી મેળવવા માટેનો અધિકાર એકટ હેઠળ આઈ.ડી.નંબર ૧૪૩૨ (વરાછા ઝોન) મુદ્દા નં.૧ પ્રધાનમંત્રી આવાસ યોજના ૨૦૧૭–૧૮ હેઠળ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ રૂબરૂમાં ચકાસણી કરતાં માલૂમ પડયું કે અરજી ફોર્મમાં ખાસ વર્ગ અંધ/અપંગ કેટેગરીમાં ટીક માર્ક જણાય આવેલ પરંતુ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ માં અપંગ અંગેનું ડોકટરી પ્રમાણપત્રની કોપી જણાય આવેલ નથી. જે ગાયબ છે. હું આપશ્રી માહિતી અધિકારીશ્રીને જણાવવા માગું છું કે અરજી ફોર્મ ભરતી વખતે સિવિલ સર્જનનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ કરેલ હતી અને ખાસ વર્ગની કેટેગરીમાં ટીકમાર્ક પણ કરેલ. |
| ૨ | હું જાહેર માહિતી અધિકારીને આ બાબતે જણાવવા માંગું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) અરજી ફોર્મ જમા થયેલ. આ અરજી ફોર્મમાં જે અરજીદારોએ અધુરા ડોકયુમેન્ટ, પુરતા ન હોય તેવા ડોકયુમેન્ટ એક વર્ષ પુર્ણ ન થતાં હોય તેવા અરજદારો પાસેથી રિ–વેરીફીકેશન માટે હજારોની સંખ્યામાં ફોનથી, મેસેજથી અરજદારોને બોલાવેલ, પરંતુ મારી અરજી ફોર્મ નં.૧૨૧૨૧ જે ખાસ વર્ગ અંધ/અપંગ કેટેગરીમાં આવતું હોય પરંતુ રિ–વેરીફીકેશન માટે બોલાવેલ નથી. જે બેદારકારી જણાય આવે છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| ૩ | જયારે અમો અરજી ફોર્મ નં.૧૨૧૨૧ રૂબરૂમાં ચકાસણી કરવા ગયેલ અને અરજીફોર્મમાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જણાઈ ન આવતા અમે પ્રશ્ન કરેલ કે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર નથી તો સિવિલ સર્જનનું પ્રમાણપત્રની કોમી સામેલ કરેલ હોય પરંતુ અત્યારે સિવિલ સર્જનની પ્રમાણપત્રની કોપી જણાઈ અવતી નથી, તો એ કોપી છે કયાં? તો તેઓનો ઉત્તર મળેલ કે જયારે બેંકમાં અરજીફોર્મ આવેલ ત્યારેતપાસ કરતા સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ન હોવાથી અમે જનરલ કેટેગરીમાં સમાવેશ કરેલ છે. તો આપશ્રી માહિતી અધિકારીને મારે એટલું જ કહેવું કે બેંકમાંથી અરજીફોર્મ આવ્યા પછી વેરીફીકેશનમાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ન હોય અને અપંગ કેટેગરીમાં ટીક માર્ક હોય તો રિ–વેરીફીકેશન માટે અમોને બોલાવી શકે છે. જો અન્યને રિ–વેરીફીકેશન માટે બોલાવી શકે તો અરજી ફોર્મ નં.૧૨૧૨૧ ને કેમ નહિ? આથી એ માલૂમ પડે છે કે જે અધિકારીએ અરજી ફોર્મ વેરીફીકેશન કરેલ છે તે અધિકારીની બેદરકારી જણાઈ અવેલ છે. આ બેદરકારીના લીધે અમોએ પ્રધાનમંત્રી આવાસ યોજના હોવાને લીધે અમોએ PMO કાર્યાલયમાં Public Grievance Portal માં એક અરજી દાખલ કરી છે. |

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૧૦૪ તા.૧૯/૦૪/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | પ્રધાનમંત્રી આવાસ યોજના ૨૦૧૭–૧૮ હેઠળ તા.૦૯/૦૮/૨૦૧૭ ના રોજ આપેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ ની રૂબરૂમાં ચકાસણી કરવા બાબત. |
| મુદ્દા નં.૨ | પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ માં ખાસ વર્ગ અંધ/અપંગ અંગેનુ ડોકટરી પ્રમાણપત્ર સાથે ફોર્મ ભરેલ છે તો ખાસ વર્ગમાં સામેલ કરવા બાબત. |
| મુદ્દા નં.૩ | પ્રધાનમંત્રી આવાસ યોજના ૨૦૧૭–૧૮માં અ.ફોર્મમાં શરતો(૮) અંધ/અપંગ કેટેગરીમાં ૩% અનામત લેખે કેટલા ફલેટ અનામતમાં આવે છે. કેટલા ફલેટ ફાળવવાના બાકી છે. |
| પુર્તતા ૧ થી ૩ | આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મુદ્દા નં.૧ બાબતે અત્રેના એફો.હા.સેલ.આ.નં.૦૭,તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે આપના ધ્વારા તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ માંગેલ માહિતી સંદર્ભે બપોરે ૧:૩૦ કલાક થી ૧:૪૦ દરમ્યાન રૂબરૂ હાજર રહી નિયમાનુસાર નિરિક્ષણ કરેલ છે. નિરિક્ષણ દરમ્યાન તા.૧૭/૦૩/૨૦૧૮ ની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી.નં.૧૪૩૨ (વરાછા ઝોન) ની અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની અન્ય માહીતીની કોઈ જરૂરીયાત નથી તેમ જણાવેલ છે. તેઓએ ભરેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ના પાના નંગ ૧૫ ની નકલની માંગણી કરેલ છે જેની નકલ આ સાથે સામેલ છે |

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા આર.ટી.આઈ એકટ હેઠળની અરજીના મુદ્દા નં.૧ થી ૩ બાબતે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મુદ્દા નં.૧ બાબતે અત્રેના એફો.હા.સેલ.આ.નં.૦૭,તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે આપના ધ્વારા તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ માંગેલ માહિતી સંદર્ભે બપોરે ૧:૩૦ કલાક થી ૧:૪૦ દરમ્યાન રૂબરૂ હાજર રહી નિયમાનુસાર ભરેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ તથા ફોર્મ સાથેના પુરાવા તથા અરજદાર દ્વારા તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ મળેલ અરજીના અનુસંધાનમાં અત્રેના વિભાગ દ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૪૪ તા.૨૬/૦૨/૨૦૧૮ થી પત્ર પાઠવી જાણ કરવામાં આવેલ તે સહીતના પુરાવાઓનુ નિરિક્ષણ કરેલ છે. નિરિક્ષણ દરમ્યાન તા.૧૭/૦૩/૨૦૧૮ ની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી.નં.૧૪૩૨ (વરાછા ઝોન) ની અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની અન્ય માહીતીની કોઈ જરૂરીયાત નથી તેમ જણાવેલ છે. તેઓએ ભરેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ના પાના નંગ ૧૫ ની નકલની માંગણી કરેલ છે જેની નકલ ફી ભરપાઈ કર્યેથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર દ્વારા અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૩ બાબતે જણાવવાનુ કે સાથે રજુ કરેલ પુરાવામાં અરજદારે ભરેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ ના ફોર્મમાં પાના નં.૧ થી ૬ સુધી રજુ કરેલ છે જયારે સંપૂર્ણ ફોર્મના અન્ય પાના નં.૭ થી ૧૫ સહિતમાં શરતો, બાંહેધરી તથા દર્શાવેલ બેંકની વિગત જે ઘ્યાને લઈ અરજદારને ભરેલ અરજી પત્રક પુરાવા તથા ડ્રાફટ સાથે જમા કરાવવા જણાવેલ છે. વધુમાં અરજદાર દ્વારા મૂળ અરજી સાથે અરજી ફોર્મમાં રજુ કરેલ જેમાં ફોર્મના અનુક્રમ નં.૧૨ માં જ્ઞાતિવર્ગ કેટેગરીમાં જનરલ ઉપર તથા ખાસવર્ગમાં અંધ/અપંગમાં ટીકમાર્ક કરેલ છે, તેઓએ ફોર્મ સાથે રજુ કરેલ પુરાવાઓ પૈકી અપંગ અંગેનું ડોકટરી પ્રમાણપત્રની કોપી રજુ કરેલ નથી. જેથી અરજદારને જનરલ કેટેગરીમાં લાભ લેવા ઈચ્છે છે તેવુ માલમ પડે છે. જે બાબતે અરજદાર દ્વારા તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ મળેલ અરજીના અનુસંધાનમાં અત્રેના વિભાગ દ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૪૪ તા.૨૬/૦૨/૨૦૧૮ થી પત્ર પાઠવી જાણ કરવામાં આવેલ. તથા બી.પી.એલ.કાર્ડ રજુ કરી તેની વિગત દર્શાવેલ નથી. અપીલ અરજી સાથે રજુ કરેલ અન્ય એક પુરાવા તરીકે અરજદાર દ્વારા બી.પી.એલ. કાર્ડ નં.(રેશન કાર્ડ નં.૩૧૪૦૦ ૮૦૦૭૨ ૨૫૬૭૧) રજુ કરેલ છે. જે અરજદાર દ્વારા આવકના પુરાવા તરીકે રજુ કરેલ એસેસમેન્ટ વર્ષ ૨૦૧૬–૧૭ ઈન્કમટેક્ષ રીર્ટનમાં આવક રૂા.૨૭૭૧૮૯/– રજુ કરેલ છે. જે બી.પી.એલ કાર્ડના નિયમથી વિપરીત છે. આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય અરજદાર દ્રારા અપીલ અરજીના મુદ્દા ઘ્યાને લેતા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. તમામ મુદ્દાઓમાં ખાતાને સૂચન/ઓર્ડર કરતા હોય તેવુ સ્પષ્ટ પણે જણાય છે તેની માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેમજ તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. અને અપીલ કરવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની વિગત આર.ટી.આઈ. ની મૂળ અરજી થી અલગ માલુમ પડેલ છે જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ઘંટાળા નયનાબેન સુરેશભાઈની તા.૧૭/૦૩/૧૮ની મુળ અરજી આઈ.ડી. નં.૧૪૩૨ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી (એર્ફોડેબલ હાઉસીગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૦૭,તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે આપના ધ્વારા તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ માંગેલ માહિતી સંદર્ભે બપોરે ૧:૩૦ કલાક થી ૧:૪૦ દરમ્યાન રૂબરૂ હાજર રહી નિયમાનુસાર ઈન્સ્પેકશન મેળવી તા.૧૭/૦૩/૨૦૧૮ ની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી.નં.૧૪૩૨ (વરાછા ઝોન) ની અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની અન્ય માહીતીની કોઈ જરૂરીયાત નથી તેમ જણાવેલ છે. તેઓએ ભરેલ અરજી ફોર્મ નં.૧૨૧૨૧ના પાના નંગ ૧૫ ની નકલની માંગણી કરેલ જે મુજબ સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી (એર્ફોડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૧૦૪ તા.૧૯/૦૪/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./ ૨૫૦
તા. ૧૪ /૦૫ /૧૮

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** ઘંટાળા નયનાબેન સુરેશભાઈ.......પ્રતિ.... જાણ માટે.

**અપીલ અરજી નં. ૦૨/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી સજીવ ઈઝહવા

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી સજીવ ઈઝહવાની તા.૦૨/૦૪/૧૮ની અરજી આઈ.ડી. નં.૦૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૦૯/૦૫/૧૮ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/02/18-19.

અરજદાર શ્રી સજીવ ઈઝહવાએ તેઓની મુળ અરજી તા.૦૨/૦૪/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૦૪ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જે માહિતીની નકલ માટે અત્રેના ખાતા દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૨૬,૧૨૭ તા.૨૩/૦૪/૧૮ થી માંગણી મુજબ જણાવેલ માહિતીના સંદર્ભે નકલ ફીના રૂા.૫૦૨/– ભરપાઈ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે નકલ ફી રૂા.૫૦૨/– ભરપાઈ કર્યાની ઝેરોક્ષ રસીદ રજુ કર્યેથી અરજદારને નમુના–ગ માં દર્શાવ્યા મુજબ એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૨૦૫ તા.૦૭/૦૫/૧૮ થી આપવામાં આવેલ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર શ્રી સજીવ ઈઝહવા દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૨૦૫ તા.૦૭/૦૫/૧૮ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં Kindly allow this appeal and direct the CPIO to furnish the full information with Address and Contact no asked in original application અધુરી માહિતી આપેલ છે તેમ દર્શાવી સરનામા તથા કોન્ટેક નંબર સહિતની માહિતી આપવી તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૨૦૫ તા.૦૭/૦૫/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | માન.મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત કોણ કોણ મકાન માટે અરજી કરી શકે આ અંગે માહિતી આપવા વિનંતી. |
| પુર્તતાઃ– | આપના દ્વારા માગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી. તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમ માટે બાહર પાડવામાં આવેલ ચોપડી (બ્રોસર)માં દર્શાવવામાં આવેલ યોજનાની વિગતો તથા શરતોની નકલ સામેલ છે. જેમાંથી અરજદાર માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકે છે. |

| | |
|---|---|
| મુદ્દા નં.૨ | માન.મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત મકાન માટે છેલ્લા ૫ વર્ષમાં સ્વીકારવામાં આવેલ અરજીની સંખ્યા ની માહિતી વર્ષ મુજબ આપવા વિનંતી. |
| પુર્તતાઃ– | આપના દ્વારા માગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી. તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમ માટે પ્રથમ તબકકાના ડ્રો બાદ બાકી રહેલ તથા જુદા જુદા કારણોસર પરત મળેલ આવાસોની સંખ્યાને ઘ્યાને લઈ તબકકાવાર કુલ–૦૪ તબકકામાં જાહેરાત આપી એલ.આઈ.જી. તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમ માટે સ્વીકારવામાં આવેલ ફોર્મની વિગત દર્શાવતું પત્રક સામેલ છે. જેમાંથી અરજદાર માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકે છે. |
| મુદ્દા નં.૩ | માન.મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં સીલેકટ થયેલ લાભાર્થીઓનુ નામ, સરનામુ, મોબાઈલ નંબર, લેન્ડલાઈન નંબરની માહિતી વર્ષ મુજબ આપવા વિનંતી. |
| પુર્તતાઃ– | આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી. તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમ માટે, બાકી રહેલ તથા જુદા જુદા કારણોસર પરત મળેલ આવાસોની સંખ્યાને ઘ્યાને લઈ કુલ–૪ તબકકામાં નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર ગુજરાત (NIC Gujarat) દ્વારા વિકસાવવામાં આવેલ સોફટવેરની મદદથી જે તે તારીખ વાઈઝ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ છે. જે માહીતી વર્ષ વાઈઝ નિભાવવામાં આવતી નથી.જે તે તારીખના ડ્રો મુજબ લાભાર્થીઓને ફાળવવામાં આવેલ લાભાર્થીઓના નામ, ફલેટ નંબરની વિગત દર્શાવતું પત્રક સામેલ છે. જેમાંથી અરજદાર માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકે છે. વધુમાં માંગવામાં આવેલ લાભાર્થીઓના સરનામાં તથા ફોન નંબરની માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) તથા ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. |

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દાની વિગત જોતા અરજદાર ધ્વારા આર.ટી.આઈ એકટ હેઠળની અરજીના મુદ્દા નં.૧ થી ૩ બાબતે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે લાગત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી. તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં સફળ થયેલા લાભાર્થીઓના સરનામાં તથા ફોન નંબરની માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્ર્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય, તદઉપરાંત કાયદાની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) થી વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તેમજ તેની સાથે કોઈ જાહેરહિત સંકળાયેલ હોવાનું જણાતુ ન હોય, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) વિભાગ ધ્વારા આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) વિગેરેથી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |
|---|---|---|---|

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સજીવ ઈઝહવાની તા.૦૨/૦૪/૧૮ની મુળ અરજી આઈ.ડી.નં.૦૪ થી માંગેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૨૦૫ તા.૦૭/૦૫/૧૮ થી આપવામાં આવેલ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા લાભાર્થીઓના સરનામાં તથા ફોન નંબરની માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય, તદઉપરાંત કાયદાની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) થી વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તેમજ તેની સાથે કોઈ જાહેરહિત સંકળાયેલ હોવાનું જણાતુ ન હોય, જે યોગ્ય જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./ ૨૫૧
તા. ૧૪ /૦૫ /૨૦૧૮

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી સજીવ ઈઝહવા .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૩/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલા

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલાની તા.૧૪/૦૬/૧૮ની અરજી આઈ.ડી. નં.૧૭૫ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૫/૦૭/૧૮ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/03/18-19.

અરજદાર શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલાએ તેઓની મુળ અરજી તા.૧૪/૦૬/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૧૭૫ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગેલ. જે માહિતી એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૪૬૨ તા.૧૯/૦૬/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી લાગત માહિતીની નકલો નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલા દ્વારા એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૪૬૨ તા.૧૯/૦૬/૧૮ થી આપવામાં આવેલ માહિતી "અધુરી અને સાચી માહિતી છુપાવી ગુનેગારને બચાવવાનો પ્રયત્ન કરેલ છે" તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં .એફો.હા.સેલ/૪૬૨ તા.૧૯/૦૬/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન મુખ્યમંત્રી આવાસ યોજના LIG સ્કીમ ડ્રો તા.૧૯/૦૩/૨૦૧૮ ના લીસ્ટ મુજબ અનુક્રમ નં.૧૮૬૩ ફોર્મ નં.PA015613 સુરેશભાઈ જીવરાજભાઈ ગઢીયાની LIG સ્કીમ લાભ મેળવવાનુ અરજી ફોર્મ પ્રમાણિત નકલ તથા અરજી ફોર્મ સાથે રજુ કરેલ આવકનો દાખલો, ઈન્કમ અંગેનુ સોગંદનામુ, જાતિ અંગેનુ પ્રમાણપત્ર, રહેઠાણ અંગેના રજુ કરેલા રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડની પ્રમાણિત નકલ આપશોજી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ફોર્મ નં.PA015613 સુરેશભાઈ જીવરાજભાઈ ગઢીયાના ફોર્મમાં દર્શાવેલ ફોન નંબર, સરનામુ, વોટરઆઈડી., ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, રેશનકાર્ડ, બેન્ક ડિટેઈલ્સ, સાક્ષીઓના ફોનનંબર તથા સરનામા જેવી વિગત ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) તથા ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી. જેથી ઉપરોકત માહિતી છુપાવીને ફોર્મની નકલ આપવા જોગ છે તથા લાભાર્થીઓ દ્વારા રજુ કરેલ વેરાબીલ, લાઈટબીલ, આવકનુ પમાણપત્ર દર્શાવતુ મામલતદારનુ સર્ટી, ભાડા કરાર તથા એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. વધુમાં ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) તથા ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી. |

| | |
|---|---|
| મુદ્દા નં.૩ | LIG સ્કીમ માટે સુરત મહાનગરપાલિકાએ લાભાર્થી સુરેશભાઈ જીવરાજભાઈ ગઢીયાને ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની સહાય સબસીડી કેટલી ચુકવી અને તે કેવી રીતે ચુકવી તેની ચેક નંબર સાથેની માહિતી પ્રમાણિત નકલ આપશોજી. |
| મુદ્દા નં.૪ | LIG સ્કીમ માટે સુરત મહાનગરપાલિકાએ ડીફેન્સ, અનુ.જાતિ, અનુ.જનજાતિ, બક્ષીપંચ, અંધ/અપંગ સિવાય જનરલ કાસ્ટના લોકોને લાભાર્થી તરીકે લાભ મેળવવા ગુજરાત સરકારનો પરીપત્ર કે મહાનગર પાલિકાની જનરલ બોડીએ કરેલ ઠરાવની પ્રમાણિત નકલ આપશોજી. |
| મુદ્દા નં.૫ | LIG સ્કીમ હેઠળ લાભ મેળવનાર લાભાર્થી અન્ય કોઈ સ્થળે ગુજરાતમાં મકાન ધરાવતો હોય કે ખેતીની જમીન ધરાવતો હોય તો તેને લાભ મળી શકે કે કેમ તેની માહિતી આપશોજી. |
| મુદ્દા નં.૬ | LIG સ્કીમ હેઠળ ખોટી અરજી સોગંદનામા કરી લાભ મેળવનાર લાભાર્થી સામે સુરત મ્યુનિસિપલ કોપોરેશન કોઈ કાનુની કાર્યવાહી કરી લાભ લેનારની મિલકત પરત લઈ શકે કે કેમ તેની માહિતી આપશોજી અને લાભ લેનાર સામે ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરવા અંગેની ફરીયાદ કરી શકે કે કેમ તેની માહિતી આપશોજી. |
| પુર્તતા ૩ થી ૬ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત મુદ્દા નં.૩, ૪, ૫, ૬ થી માહિતી સંદર્ભે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત LIG આવાસની સ્કીમ માટે ગુજરાત રાજયના નીતિ–નિયમોને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરેલ બ્રોસર(ચોપડી)ની નકલો આ સાથે સામેલ છે. જેમાં દર્શાવ્યા મુજબની મુખ્ય વિગતો, માર્ગદર્શિકા તથા યોજનાની શરતોમાંથી આપ ઉપરોકત માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે નીચે મુજબની રજુઆત કરી છે જે બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા નં. | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૮ | અમો અરજદારે મુદ્દા નં.૧ થી જે માહિતી માંગેલ તેમાંથી સામાવાળમએ માત્ર અરજી પત્રક ભરવાની માર્ગદર્શિકા, મુખ્યમંત્રી ગૃહ યોજનાની મુખ્ય વિગતો તેમજ મુખ્યમંત્રી ગૃહ યોજનાનુ અરજી ફોર્મ અને સુચનાઓ તેમજ પરિશિષ્ટ–૧ થી ૪ આપેલ છે પરંતુ અરજી ફોર્મમાં પેરા નં. ૩ A અને B ની વિગત છુપાવેલ છે. તેમજ પરા નં. ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪ ની વિગો જાહેર માહિતી અધિકારીએ માહિતી આપતા સમયે આર.ટી.આઈ એકટની કલમ–૮(૧)(ચ) તથા ૮(૧)(ઠ) લખીને છુપાવેલ છે. અસલમાં આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ઠ) માં જાહેર ડોકયુમેન્ટ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજુ થયેલા છે. તે જાહેર ડોકયુમેન્ટ હોઈ તે ડોકયુમેન્ટ કે તેની માહિતી છુપાવવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી. જાહેર માહિતી અધિકારીએ પોતાની મરજી મુજબ અર્ધઘટન કરી સાચી માહિતી છુપાવી ગુનેગારને બચાવવાનો પ્રયત્ન કરેલ | અરજદાર ધ્વારા અપીલના મુદ્દા નં.૮ થી આર.ટી.આઈ એકટ હેઠળની **<u>અરજીના મુદ્દા નં.૧</u>** બાબતે માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અરજદારશ્રીને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ફોર્મ નં.PA015613 સુરેશભાઈ જીવરાજભાઈ ગઢીયાના ફોર્મમાં દર્શાવેલ ફોન નંબર, સરનામુ, વોટરઆઈડી., ડ્રાઈવીગ લાઈસન્સ, પાનકાર્ડ, રેશનકાર્ડ, બેન્ક ડિટેઈલ્સ, સાક્ષીઓના ફોનનંબર તથા સરનામા જેવી વિગત ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) તથા ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ ન હોવાથી તેટલે અંશે ફોર્મની વિગતો નિયમાનુસાર ગુપ્ત |

| | | |
|---|---|---|
| | છે. તેમાં જાહેર માહિતી અધિકારી પણ સામેલ હોય તેવુ તેનામાહિતી આપવાના જવાબ ઉપરથી જણાય છે. અને તે કારણે જ તેણે માહિતી છુપાવેલ છે. અને આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ મુજબ જાહેર માહિતી છુપાવી સત્ય હકીકત છુપાવવાનો ઈરાદાપૂર્વક પ્રયત્ન કરેલ છે. | રાખી ફોર્મની અન્ય વિગતોની માહિતી પુરી પાડવામાં આવેલ છે જે યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની જણાય છે |
| ૯ | અમો અરજદારે મુદ્દા નં.૨ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ નથી. કે તેનો જવાબ પણ આપેલ નથી. | મુદ્દા નં.૨ ની સંપૂર્ણ માહિતી માટે અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારી કતારગામ ઝોનને અત્રેના પત્રનં. એફો.હા.સેલ/૪૬૧ તા.૧૯/૦૬/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ જેની નકલ આર.પી.એડી થી અરજદારને પાઠવવામાં આવેલ છે. |
| ૧૦ | અમો અરજદારે મુદ્દા નં.૩, ૪, ૫, ૬ ની માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. પરંતુ મુખ્ય વિગતો, અરજી પત્રક ભરવાની માર્ગદર્શિકા, હકીકત છુપાવેલુ અરજી પત્રક તેમજ હકીકત છુપાવેલી સુચના પત્ર આપેલ છે. જેના ઉપરથી સાચી માહિતી સમજી શકાય તેમ નથી. અને સાચી માહિતી બહાન ન આવે એટલા માટે સામાવાળાએ ઈરાદાપૂર્વક સાચી માહિતી છુપાવીને અધુરી માહિતી આપેલ છે. | મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત LIG આવાસની સ્કીમ માટે ગુજરાત રાજયના નીતિ–નિયમોને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરેલ બ્રોસર(ચોપડી)માં દર્શાવ્યા મુજબની મુખ્ય વિગતો, માર્ગદર્શિકા તથા યોજનાની શરતોની નકલ પાઠવવામાં આવેલ છે. |
| ૧૨ | જાહેર માહિતી અધિકારી અરવિંદ બી. પટેલ અને જેની અમોમે માહિતી માંગેલ છે તે ગઢીયા સુરેશભાઈ જીવરાજભાઈ પણ પટેલ સમાજના છે તેથી જાહેર માહિતી અધિકારીએ તેના સમાજના વ્યકિત તરીકે મદદ કરવાના ઈરાદે સાચી માહિતી છુપાવેલ છે. તેથી અમારી પ્રથમ અપીલ અરજી ચલાવી નિર્ણય કરવા નમ્ર વિનંતી. | જાહેર માહિતી અધિકારી શ્રી અરવિંદભાઈ બી. પટેલ અને જેની અમોએ માહિતી માંગેલ છે તે ગઢીયા સુરેશભાઈ જીવરાજભાઈ પટેલ પણ પટેલ સમાજના છે તેથી જાહેર માહિતી અધિકારીએ તેના સમાજના વ્યકિતને મદદ કરવાના ઈરાદાએ સાચી માહિતી છુપાવી છે તે બાબતે અરજદાર દ્વારા કોઈ આધાર પુરાવા રજુ કયા વગર તેમજ તેવા આક્ષેપોને કોઈ સમર્થન મળતુ ન હોય રજુઆત ગ્રાહય રાખવા જોગ નથી. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલાની તા.૧૪/૦૬/૧૮ની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૫ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) દ્વારા **અરજીના મુદ્દા નં. ૨** બાબતે અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારી કતારગામ ઝોનને પત્રનં. એફો.હા.સેલ/૪૬૧ તા.૧૯/૦૬/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ જેની નકલ આર.પી.એડી થી અરજદારને પાઠવવામાં આવેલ છે. તેમ છતા અરજદાર દ્વારા મુદ્દા નં. ૨ ની માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ નથી જે રજુઆત અન્વયે અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારી કતારગામ ઝોનને પત્રનં. એફો.હા.સેલ/૪૬૧ તા.૧૯/૦૬/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ જેની નકલ ફરીથી પાઠવવી તથા પત્ર નં. એફો.હા.સેલ/૪૬૨ તા.૧૯/૦૬/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને નિયમાનુસાર જણાતી હોય તેમજ પુરી પાડવા જોગ માહિતીની નકલ અરજદાર બી.પી.એલ. કાર્ડ ધારક હોય વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦ –એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૬૦૮
તા.૨૦/૦૭/૧૮

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી કિરણભાઈ અર્જુનભાઈ વાઘેલા .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૪/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રી ની તા.૩૦/૦૬/૧૮ ની અરજી આઈ.ડી. નં.૭૬૧ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૩/૦૮/૧૮ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/04/18-19.

અરજદાર શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રીએ તેઓની મુળ અરજી તા.૩૦/૦૬/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૭૬૧ થી મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગેલ. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી ની નકલ માટે અત્રેના ખાતા દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૨૪ તા.૨૪/૦૭/૧૮ થી માંગણી મુજબ જણાવેલ માહિતીના સંદર્ભે નકલ ફીના રૂા.૦૨/– ભરપાઈ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે નકલ ફી રૂા.૦૨/– ભરપાઈ કર્યેથી અરજદારને નમુના–ગ માં દર્શાવ્યા મુજબ એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૮૪ તા.૦૩/૦૮/૧૮ થી આપવામાં આવેલ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રી દ્વારા એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૮૪ તા.૦૩/૦૮/૧૮ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અપીલ માટેના કારણોમાં અરજીમાં નમુના–ક મુજબ માંગેલ માહિતી નહી મળેલ માહિતીની નકલો વિના મુલ્યે આપવા પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી ની નકલ માટે નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૬૮૪ તા.૦૩/૦૮/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૩ | મજકુર માહિતી મુજબ મીનાઝ મોહંમદખાન પઠાનને કોન્ટ્રાકટથી પરમેનન્ટ કરવાની વિગત દર્શાવતા પત્રની માહિતીની નકલો આપો. |
| મુદ્દા નં.૪ | મજકુર મીનાઝ મોહંમદખાન પઠાન હાલ ફરજ બજાવતા ઝોન વિભાગની માહિતી દર્શાવતા પત્રની માહિતીની નકલ આપો. |
| મુદ્દા નં.૫ | મજકુર મીનાઝ મોહંમદખાન પઠાન કયા ઝોન વિભાગમાં ફરજ બજાવી હોય તેની સમયગાળાની વિગત દર્શાવતા પત્રની માહિતીની નકલ આપો. |
| પુર્તતા ૩ થી ૫ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોક્ત માહિતી સંદર્ભે મહેકમ શીડીયુલ મુજબ એફોર્ડેબલ હાઉસીંગ સેલમાં મીનાઝ મોહંમદખાન પઠાન હાલમાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે તા.૨૭/૦૪/૨૦૧૮ થી ફરજ બજાવે છે અન્ય રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૭ | મજકુર મીનાઝ મોહંમદખાન પઠાન કોમ્પ્યુટર ઓપરેટરથી પ્રથમશ્રેણી કલાર્ક બનેલ હોય તેની વિગત દર્શાવતા પત્ર માહિતીની નકલ આપો. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | બહુજનહિતાય બહુજનસુખાય | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે મહેકમ શીડીયુલ મુજબ એફોર્ડેબલ હાઉસીગ સેલમાં કોમ્પ્યુટર ઓપરેટરથી પ્રથમશ્રેણી કલાર્ક તરીકે કોઈ નિમણૂંક કરવામાં આવેલ નથી. જેથી અત્રેનાં ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૯ | મજકુર મીનાઝ મોહંમદખાન પઠાનની પગાર સ્લીપની માહિતીની નકલ આપવામાં આવે. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે હાલમાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા મીનાઝ મોહંમદખાન પઠાનની જૂન–૨૦૧૮ ની પગાર સ્લીપની નકલ આ સાથે સામેલ છે |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે નીચે મુજબની રજુઆત કરી છે જે બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા નં. | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | આર.ટી.આઈ. આઈ.ડી.નં. ૭૬૧ તા.૩૦/૬/૧૮ની માહિતીની અરજી વંચાણે લેતા આપના સુરત મહાનગરપાલિકા મધ્યસ્થ મહેકમ, સેન્ટ્રલ ઝોન મધ્યસ્થ મહેકમ, એફોર્ડેબલ હા. સેલ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં "મીનાઝ મોહંમદખાન પઠાણ" જેનો આપના વિભાગ ઝોનમાં ત્રણ ચાર મહિનાથી કોન્ટ્રાકટથી પરમેન્ટમાં ફરજ બજાવતી હોય જેની નમુના "ક" મુજબ માંગેલ માહિતી નહિ મળેલ માહિતીની નકલો વિના મુલ્યે આપવા સદર પ્રથમ અપીલ આર.ટી.આઈ.ના નિયમોનુસાર આપના વિદિત થાય. | અરજદાર ધ્વારા આર.ટી.આઈ. આઈ.ડી.નં. ૭૬૧ તા.૩૦/૬/૧૮થી માહિતી માટે મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અરજી અન્ય લાગત મુદ્દા માટે સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા પર્સોનેલ ઓફીસર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ને પણ તબદીલ કરવામાં આવેલ છે. જેથી અત્રેના ખાતાને લાગત માહિતી ની નકલ માટે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૬૨૪ તા.૨૪/૦૭/૨૦૧૮ મુજબ નકલ ફી રૂ ૨/– ભરપાઈ કર્યેથી લાગત માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૬૮૪ તા.૦૩/૦૮/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રીએ તેઓની મુળ અરજી તા.૩૦/૦૬/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૭૬૧ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૮૪ તા.૦૩/૦૮/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને નિયમાનુસાર જણાતી હોય, જે પુરી પાડવામાં આવેલ છે. વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦ –એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૮૬૮
તા. ૦૭/૦૯/૨૦૧૮

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી મોહંમદ તારીક જી. મિસ્ત્રી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૫/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી પીકલ પી. ઘીવાળા

**સામાવાળા :** આસી.એકાઉન્ટન્ટ ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:**– અરજદાર શ્રી પીકલ પી. ઘીવાળાની તા.૦૭/૦૭/૧૮ ની અરજી આઈ.ડી. નં.૩૨૯ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:**–અરજદાર મજકુરની તા.૧૩/૦૮/૧૮ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/05/18-19.

અરજદાર શ્રી પીકલ પી. ઘીવાળાએ તેઓની મુળ અરજી તા.૦૭/૦૭/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૩૨૯ થી મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો ઓફિસર (વેસ્ટ ઝોન) તરફથી સદર અરજી મુદ્દત વિત્યે અત્રેના વિભાગને તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે અન્વયે અરજદારને નમુના–ગ માં દર્શાવ્યા મુજબ એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી આપવામાં આવેલ જવાબ/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. અરજદાર શ્રી પીકલ પી. ઘીવાળા દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અપીલ અરજીમાં નમુના–ક મુજબ માંગેલ માહિતી સમય મર્યાદા બાદ મળી પૂર્તતા ન કરવા બાબત તેમજ અન્ય ઝોન દ્વારા પૂર્તતા ન કરવાના કારણસર માહિતીની નકલો વિના મુલ્યે આપવા પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના ખાતા દ્વારા નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | સુરત મહાનગર પાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગત આપવી. |
| મુદ્દા નં.૨ | ચા–પાણી–નાસ્તો–જમવાનુ અંગે ખર્ચ કરવા માટે સરકારના કાયદા, નોંધો, પરિપત્ર, નીતિ નિયમો, નોટીફીકેશનની નકલ સુ.મ.પા ધ્વારા પ્રમાણીત નકલ આપવી. |
| મુદ્દા નં.૩ | ઉપલબ્ધ રેકર્ડ પર એકાઉન્ટ વિભાગમાં ચા–પાણી–નાસ્તા અંગેના પાર્ટી કોડ અને કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગત પ્રમાણિત પાર્ટીકોડ તેમજ ચૂકવેલ નાણાની વિગત આપવી. |
| મુદ્દા નં.૪ | સરકારી નાણા ચા–નાસ્તા અને પાણી પાછળ ખર્ચ કરી શકાય તેવી સત્તા–પરવાનગી આપનાર ઉપલબ્ધ રેકર્ડ પરના અધિકારીનું નામ અને કર્મચારી નંબર આપવો. |
| મુદ્દા નં.૫ | છેલ્લા પાંચ વર્ષમાં ચા–પાણી–નાસ્તો (અંગત ઓફિસમાં) કરનાર અધિકારીનું નામ અને કર્મચારી નંબર આપવો.અને આજ દિન સુધી કરવામાં આવેલ ચા–પાણી–નાસ્તાના બીલની પ્રમાણીત નકલ આપવી. |
| પુર્તતા ૧ થી ૫ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે અત્રેનાં ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે મુદા નં ૧ થી ૬ ની વિગતે રજુઆત કરી છે જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા નં. | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | રાંદેર ઝોન સિવાય તમામ ઝોન દ્વારા કોઈ જ પૂર્તતા કરવામાં આવેલ નથી જેથી તમામ ઝોનની માહિતી વિના મૂલ્યે R.T.I. ACT મુજબ મળવા પાત્ર છે | અરજદાર ધ્વારા આર.ટી.આઈ. આઈ.ડી.નં. ૩૨૯ તા.૦૭/૦૭/૧૮થી માહિતી માટે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો ઓફિસર (વેસ્ટ ઝોન) તરફથી સદર અરજી મુદ્દત વિત્યે અત્રેના વિભાગને તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી અત્રેના ખાતાને લાગત માહિતી માટે અરજદારને આપવામાં આવેલ જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ છે. |
| ૫ | સુ.મ.પા.ના તમામ ઝોન તેમજ તમામ ડીપાર્ટમેન્ટ ધ્વારા કોઈજ માહિતીની પૂર્તતા નમૂના–ક મુજબ કરવામાં આવેલ નથી તેથી R.T.I. ACTની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે સુ.મ.પા.ના તમામ ઝોન તમામ ખાતાકીય માહિતી મળવાપાત્ર છે. | |
| ૬ | સુ.મ.પા.માત્ર રાંદેર ઝોન નથી સમગ્ર સુરતની સુ.મ.પા.ની કચેરી, મુગલીસરા મેઈન ઓફિસ, તમામ ઝોન છે તેથી વિના મૂલ્યે તમામ ઝોન ધ્વારા, મેઈન ઓફિસ ધ્વારા તેમજ ખાતા/વિભાગ ધ્વારા માહિતી આપવામાં આવે એવી નમ્ર રજુઆત છે. | |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પીકલ પી. ઘીવાળાએ તેઓની મુળ અરજી તા.૦૭/૦૭/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૩૨૯ થી માંગેલ માહિતી સંદર્ભે આસી.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને નિયમાનુસાર જણાતી હોય, વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦ –એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૮૯૭
તા. ૧૪/૦૯/૨૦૧૮

**(મો.સઈદ યુસુફ ભામ)**
**એપેલેટ અધિકારી અને**
**ડે.એકાઉન્ટન્ટ,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી પીકલ પી. ઘીવાળા .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૬/૧૮–૧૯**

**અરજદાર :** શ્રી સૈયદ ઝાફરઅલી હાજી અરમાનઅલી

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ( એફોર્ડેબલ હાઉસીગ સેલ )

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી સૈયદ ઝાફરઅલી હાજી અરમાનઅલીની તા.૦૨/૧૧/૧૮ ની અરજી આઈ.ડી. નં.૧૯૧૩/૧૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૦૪/૦૧/૧૯ની અપીલ અરજીનં.No.SMC/AFO/FAP/06/ 18-19.

અરજદાર શ્રી સૈયદ ઝાફરઅલી હાજી અરમાનઅલી એ તેઓની મુળ અરજી તા.૦૨/૧૧/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૧૯૧૩/૧૩ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૨૨૭ તા.૧૪/૧૧/૧૮ થી નમુના–ઘ માં દર્શાવ્યા મુજબ સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ને તબદીલ કરવામાં આવેલ છે. મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અપીલ અરજીમાં તા.૩૧/૧૨/૨૦૧૮ /CZ/RTI/OUT/૨૩૯૨ ના જવાબ ઉપરથી (નોંધઃ– સેન્ટ્રલ ઝોનથી ડિમોલેશન થયેલ છે. આવાસની ફાળવણી થયેલ છે.) પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબની માહિતી માંગવામાં આવેલ.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | ગોપીતલાવ ઝુપડપટ્ટીમાં રૂકયયાબી શે.ફારૂક, ફારૂક શે.દાઉદ, નામના EWS આવાસમાં મકાન ફાળવણી કરેલ વિગત બાબત. ફાળવણી થયેલ મકાન નં., બિલ્ડીગ નં., કયા સ્થળ ઉપર મળેલ |
| પુર્તતા | અરજદાર દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે અત્રેના વિભાગ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનાવવામાં આવેલ આવાસોના જાહેરાત આપી અરજીઓ મંગાવી ડ્રો કરવાની તથા દસ્તાવેજ બનાવવાની કામગીરી કરવામાં આવે છે અરજદાર દ્વારા માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી અત્રેના વિભાગને લાગત ન હોય, સેન્ટ્રલ ઝોનને લાગત હોય જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવા જોગ છે. |

ઉપરોક્ત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે નીચેની વિગતે રજુઆત કરી છે જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા નં. | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | અપીલ અરજીમાં અપીલ માટેના કારણો તા.૩૧/૧૨/૨૦૧૮ /CZ/RTI/OUT/૨૩૯૨ ના જવાબ ઉપરથી (નોંધઃ– સેન્ટ્રલ ઝોનથી ડિમોલેશન થયેલ છે. આવાસની ફાળવણી થયેલ છે.) | એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૨૨૭ તા.૧૪/૧૧/૧૮ થી નમુના–ઘ માં દર્શાવ્યા મુજબ સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ને તબદીલ કરવામાં આવેલ છે. અપીલ અરજીની રજુઆત ધ્યાને લેતા સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ના પાઠવેલ જવાબથી નારાજગી દર્શાવી અપીલ અરજી કરેલી હોય તેમ જણાય છે. |

અરજદાર શ્રી સૈયદ ઝાફરઅલી હાજી અરમાનઅલીએ તેઓની મુળ અરજી તા.૦૨/૧૧/૧૮ના રોજ કરેલ આઈ.ડી. નં.૧૯૧૩/૧૩ થી માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૨૨૭ તા.૧૪/૧૧/૧૮ થી નમુના–ઘ માં દર્શાવ્યા મુજબ સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ને તબદીલ કરવામાં આવેલ છે. જેની જાણ ઉકત પત્રથી અરજદારને કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ અપીલ અરજીમાં તા.૩૧/૧૨/૨૦૧૮/CZ/RTI/OUT/૨૩૯૨ ના જવાબ ઉપરથી (નોંધઃ– સેન્ટ્રલ ઝોનથી ડિમોલેશન થયેલ છે. આવાસની ફાળવણી થયેલ છે.)નારાજગી દર્શાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ની જવાબદારી થતી નથી. પ્રસ્તુત અપીલ અરજી પરત્વે અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફિસરશ્રી(સેન્ટ્રલ ઝોન)ને તબદીલ કરવા જોગ જણાય છે. પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર અરજદાર ઘ્વારા માંગવામાં આવેલ અપીલ અરજીમાં તા.૩૧/૧૨/૨૦૧૮/CZ/RTI/OUT/૨૩૯૨ ના જવાબ ઉપરથી (નોંધઃ– સેન્ટ્રલ ઝોનથી ડિમોલેશન થયેલ છે. આવાસની ફાળવણી થયેલ છે.)નારાજગી દર્શાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ની જવાબદારી થતી નથી. પ્રસ્તુત અપીલ અરજી પરત્વે અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફિસરશ્રી(સેન્ટ્રલ ઝોન)ને તબદીલ કરી નિકાલ કરવા જોગ છે. પ્રસ્તુત અપીલ અરજી અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય અત્રેની કચેરીએ દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૫૦૦
તા.૦૯/૦૧/૨૦૧૯

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી સૈયદ ઝાફરઅલી હાજી અરમાનઅલી .......પ્રતિ.... જાણ માટે.